4/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

ખબર પત્રિકા

પાના ૪૦

વર્ષ-૧૦ • અંક-૧૬૧ • સળંગ અંક - ૨૫૭૮ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

આજે મરણ ખબર નથી.

'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'

www.kutchipatrika.org





બાડાના *અ.સૌ. અર્ચના કિશોર વીરા* (ઉ.વ. ૪૮) તા. ૧૪-૧૧નાં ટૂંકી માંદગીથી અવસાન પામેલ છે. સ્વ. દેવકાબાઈ/લાડબાઈ તેજશીના પૌત્રવધુ. સ્વ. ઉમરબેન જગશીના પુત્રવધુ. કિશોરના ધર્મપત્ની. અંજલી, અભિષેકના માતુશ્રી. નિશાંતના સાસુ. ગં.સ્વ. ભાનુબેન ધીરજ, પુષ્પા ખુશાલના દેરાણી. સ્વ. સુશીલાના ભાભી. નિલેશ, ઈશીતા, કોમલ, જીલના કાકી. ભાવના, મો. ખાખરના સંજય, મહેન્દ્રના કાકી સાસુ. બાડાના ગં.સ્વ. જયાબેન મંગલ, ગં.સ્વ. રતનબેન હીરજી, સ્વ. અરૂણા લક્ષ્મીચંદ, સ્વ. મંજુલાબેન દેવચંદ, જયા રતિલાલ, નિમા જયંતીલાલ, નીતા ધનજી, નવાવાસ, સ્વ. લક્ષ્મીબેન ટોકરશી, કોટડા રોહાના જયશ્રી દિપકના ભત્રીજા વહુ. લાયજાના સ્વ. મુરીબાઈ દેવજી મોણશીના દોહીત્ર વહુ. સ્વ. વેલબાઈ શામજી વેલજી, ના. આસંબીયા, ઝવેર લખમશીના ભાણેજ વહુ. અમદાવાદના સુશીલાબેન છીદાલાલ શાહના પુત્રી. ગાંધીનગરના ભારતીબેન કૃષ્ણકાંત ઠાકર, રતલામના નીતાબેન સુરેશ પટેલ, સ્વ. મુકેશ, સ્વ. હર્ષદ, ધર્મેન્દ્રના બેન. ચંદનબેનના નણંદ. માલવણ ગં.સ્વ. સંગીતા પ્રદિપ સુભેદારના વેવાણ. ***પ્રાર્થના રાખેલ નથી.*** સદ્‌ગતનાં આત્માની શાંતિ અર્થે ૧૨ નવકાર ગણવા. એડ્રેસ : કીશોર જગશી વીરા, બી/૦૫, અમરદિપ, જૈન મંદિર રોડ, વિરાર (વેસ્ટ), પીન-૪૦૧૩૦૩. કીશોર-૭૪૯૯૫૪૫૦૫, ખુશાલ-૭૮૭૫૩૩૭૯૫૩.

4/1/1 -------- (1-5)



બેરાજાના *ભાવેશ લાલજી મામણીયા* (ઉ.વ. ૫૯) તા. ૯-૧૧-૨૦૨૬ના વિયેતનામ ખાતે અવસાન પામેલ છે. માતુશ્રી ચંપાબેન મુલજીના પૌત્ર. સ્વ. દેવકાબેન લાલજીના સુપુત્ર. સુચીતાબેનના પતિ. કિંશા અને નીલના પિતાશ્રી. કિશન અને રીયા ના સસરા. પિયુના નાના. રાજુભાઈના મોટા ભાઈ. પત્રીના સ્વ. મણીબાઈ મેઘજી, તુંબડીના ગં.સ્વ. સાકરબેન માવજી, સ્વ. જયંતી, સ્વ. કસ્તુરના ભત્રીજા. નાની તુંબડીના સ્વ. ગંગાબેન નાથા ઘેલાના દોહીત્ર. સ્વ. નાનબાઈ હરશીના ભત્રીજી પુત્ર. ડેપાના સ્વ. ચંચળબેન ખીંયશી, દેશલપુરના સ્વ. રતનબાઈ લાલજી, સ્વ. ચંચળબેન જયંતી, સં.પ. અચલગચ્છના સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા.શ્રી અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ભાણેજ. સાવરકુંડલાના સ્વ. મંજુલાબેન નગીનભાઈ ઝવેરીના જમાઈ. નિશા ગીરીશ, ભારતી કિરણ, ચેતનના બનેવી. ચેતનાના નણંદોઈ. આબુરોડના બબીતાબેન વાધારામજી, મુંબઈના વર્ષાબેન જવાહરજીના વેવાઈ. બેરાજાના હેમકુંવરબેન વલમજી મામણીયાના પુત્રતુલ્ય. ટુંડાના મીત કેતન દેઢિયાના પિતાતુલ્ય. ***પ્રાર્થના રાખેલ નથી.*** આત્માની શાંતી અર્થે બાર નવકાર ગણવા. ભાવેશ શાહ, ડી/૨૨, નિર્માણ કોમ્પલેક્ષ, આર.સી.ટેક્નીકલ રોડ, આય.ઓ.સી. પેટ્રોલ પંખની સામે, ચાણક્યપુરી, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૯૧. રાજેશભાઈ-૯૮૨૦૭૫૬૩૦૫.

4/1/1 -------- (1-5)



મોટા લાયજાના *વિજય દેવજી છેડા* (ઉ.વ. ૭૨) તા. ૧૫-૧૧-૨૬નાં હાર્ટફેઈલથી અવસાન પામ્યા છે. સુંદરબેન લાલજીના પૌત્ર. તેજબાઈ દેવજીના પુત્ર. વિમલાના પતિ. હિતેન્દ્ર, શ્રુતિના પિતા. સ્નેહા, બાડા દર્શન ખુશાલચંદના સસરા. અયાન, નાયરાના દાદા. દિલીપ, વિનય, દેવપુર શિલ્પા કેતનના ભાઈ. રંજનના દિયર. લતાના જેઠ. બાડા ફોરમ સમકિત મેહુલ, જુગલના કાકા. ગોધરા વિજયા ગાંગજી, તારા લક્ષ્મીચંદ, લાયજા કુસુમ કલ્યાણજી, મેઘજી, મુરજીના ભત્રીજા. ગોધરા દેવકા શિવજીના દોહિત્ર. રતન હુકમીચંદ, શીલા શાંતિલાલ, જયા ખુશાલચંદ, બાડા વેલબાઈ દામજી, લક્ષ્મી રતનશી, નવાવાસ વિમળા નાગજી, મેરાઉ નિર્મલા ભવાનજી, નાંગલપર ઈંદીરા લક્ષ્મીચંદ, કોડાય રમીલા રામજીના ભાણેજ. લક્ષ્મી રામન્ના શેટ્ટીના જમાઈ. નારાયણ, વત્સલાના બનેવી. રાજીવ શેટ્ટીના સાઢુ. કવિતાના નણદોઈ. શ્રેયા ચેતન, પૂજા પ્રિતેશના માસા. ક્ષિતિજના ફુઆ. બાડા નિર્મલા ખુશાલચંદ, સુમથી સુંદર શેટ્ટીના વેવાઈ. ***પ્રાર્થના રાખેલ નથી.*** નિ.વિમલા છેડા, જી-૫૦૪, જસ્મીન ક્રાઉન, તળોજા રોડ, ખોની ગાંવ, ડોમ્બિવલી (પૂર્વ) ૪૨૧૨૦૧. વિમલા-૮૪૫૨૦૦૭૨૫૫, હિતેન્દ્ર- ૮૪૫૪૮૩૯૫૭૯, શ્રુતિ-૭૪૦૦૪૮૫૬૫૭, દિલીપ-૮૧૦૪૨૨૧૩૫૦, રંજન-૯૯૩૦૧૫૦૭૧૫.

4/1/1 -------- (1-5)



કોટડી (મહા.)ના *માતુશ્રી લક્ષ્મીબેન સાવલા* (ઉ.વ. ૭૪) તા. ૧૪-૧૧-૨૬નાં અવસાન પામેલ છે. ભાણબાઈ (કેસરબાઈ) રતનશી સાવલાના પુત્રવધુ. નાનચંદના ધર્મપત્ની. નીતીન, જીગ્ના (જખી)ના માતુશ્રી. ભાવિની, પિયુષના સાસુ. પનવ, સાનવીના દાદી. પરમના નાની. શામજીના ભાઈના ઘરેથી. નવિન, ચંદ્રકાંત, ભોજાયના જયા શાંતીલાલ, દેવપુરના મંજુલા નવિનના ભોજાઈ. ગંગાબાઈના દેરાણી. કસ્તુર, લતાના જેઠાણી. આસબાઈ કાનજી, ઉમરબાઈ જીવરાજ, દેવકાબેન વીરજી, કો. રોહાના હીરબાઈ જીવરાજ, નરેડીના પુરબાઈ જેઠુભાઈના ભત્રીજી વહુ. ભોજાયના જેઠીબાઈ કુંવરજીના સુપુત્રી. નાનજી, આણંદજી, મુરજી, લાયજાના લીલબાઈ શામજી, માપરના નાનબાઈ ધનજી, શેરડીના વેજબાઈ ગાંગજી, સાભરાઈના રતનબેન હંસરાજ, ભીંસરાના વાસંતી પ્રેમજીના બેન. દેવકા (રંજન), મંજુલા, જયાના નણંદ. અનિલ,અમિત, સૌરભ, કેવલ, અમીષા, નેહાના કાકી. ગઢશીશાના સાકરબેન વસંત ગાલા, સણોસરાના પ્રેમીલાબેન ધનજી નાગડાના વેવાણ. ***પ્રાર્થના રાખેલ નથી.*** ઠે. પિયુષ ધનજી નાગડા, બી/૨૦૩, પાવાપુરી, જી.એચ. સ્કુલની સામે, ક્રોસ એમ.જી.રોડ, બોરીવલી (ઈ.), મું. ૬૭. નીતીન-૯૮૨૫૭૩૨૯૪૦, જીગ્ના-૮૦૯૭૭૭૯૦૭૯.

4/1/1 -------- (1-5)

KVOSJM STHANAKWASI JAIN MAHAJAN

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઇ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્ક : 9082271273, સમય : ૧૧ થી ૫

યુગ પુરૂષની અણધારી વિદાય



શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી
જૈન મહાજનનાં
મેનેજીંગ ટ્રસ્ટી, પથદર્શક,
દુરંદેશી વ્યક્તિત્વ
ધરાવનારા, સમાજને ક્રાંતિકારી
વિચારો આપનારા વડીલ શ્રી...

શ્રીમાન ચંદ્રકાંતભાઇ વલ્લભજી ગોગરી

પ્રાર્થના સભા આવતી કાલે
બુધવાર, તા ૧૮નવેમ્બરના બપોરે ૨.૦૦ થી ૪.૦૦
શ્રદ્ધાંજલિ સભા ૪ થી ૫ દરમ્યાન
પારસી જીમખાના, દાદર મધે યોજાશે.

લિ. શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન પરીવાર

મહિલા સંસ્થા સમાચાર

કચ્છી મહિલા ફેડરેશન સં. જયાબેન વિસનજી માડ્ર (બિદડા) મહિલા મેડીકલ ફંડ

ક.વિ.ઓ. સમાજની જરૂરીયાતમંદ મહિલાઓને સંસ્થાના ધારા ધોરણ મુજબ નાની-મોટી બિમારીમાં હોસ્પિટલ ખર્ચ માટે સહાય આપવામાં આવે છે. નિયમીત દવાઓ લઈ આપવામાં આવે છે. નીચેનાં સેન્ટરોથી નવા ફોર્મ મળશે.

- ડોંબિવલી, ઈ: નવનીત નગર કાર્યાલય, ટા. ૫ થી ૭
- માટુંગા સે.રે. : ચંદન ગોગરી, ટા.૯ થી ૨, સમૃધ્ધિ હાઈટ, ૧૩૦૨, તેલંગ રોડ, સારસ્વત બેંકની સામે
- નાલાસોપારા (ઈ) :શ્રી ક.વિ.ઓ. જૈન સ્થાનક કાર્યાલય, તુલીંજ રોડ
- મલાડ, વે : નીતા વિસરીયા, ટા. ૧૨ થી ૨, લક્ષ્મી સ્મૃતિ, ૬૦૨, મધર બેકરીની બાજુમાં.
- સં માત્ર બુધવાર, સાંજે ૪ થી ૬, મો.૮૧૦૪૫૯૬૫૪૦, કાર્યાલય C/o ભારતી નવીન ગંગર, પ્રભાસ્મૃતિ, ભાઉદાજી રોડ, ના.શા. વાડીની બાજુમાં, માટુંગા. લિ. કન્વીનર

4/1/1(29) -------- (A-15568)(1-5)

જેજેસી લેડીઝ વીંગ સેન્ટ્રલ મુંબઈ વર્ષ ૨૦૨૭ની નવી મેમ્બરશીપ સ્વીકાર્ય

સમાજની સર્વે બહેનો આનંદો, હવે સંસ્થા આયોજે છે. નાટકો તથા મ્યુઝીકલ પ્રોગ્રામો માટુંગા : મૈસુર ઓડીટોરીયમ ભાઉદાજી રોડ પર બપોરે ૩ થી ૬ રહેશો. ૨૭ વર્ષથી ચાલતી સંસ્થાની નવી મેમ્બરશીપ જાન્યુઆરીથી ડીસેમ્બર માટે બે કેટેગરીમાં રહેશે. હોલની પ્રથમ છ લાઈનની સીટસ માટે ૪૫૦૦ રૂ. તથા બાકીની સીટસ માટે ૪૦૦૦ રૂ. વાર્ષિક રહેશે. નવા મેમ્બર બનનાર માટે રૂ. ૩૦૦ એન્ટ્રી ફી રહેશે. વહેલો તે પહેલોનાં ધોરણે લીમીટેડ મેમ્બર લેવાનાં હોવાથી સત્વરે આપ સૌ આપનાં સગા સંબંધી તથા ગુજરાતી જાણતાં મિત્ર વર્તુળ સાથે મેમ્બર બની એ સાંજ યાદગાર બનાવો. ટેન્શન મુક્ત બનો. વર્ષ દરમ્યાન જ્ઞાન સાથે ગમ્મતનાં અવનવા પ્રોગ્રામ, નવા નાટકો, મ્યુઝીકલ પ્રોગ્રામ, હાઉઝી, હીન્દી ફિલ્મ, ગેમ શો, પીકનીક એમ અનેક પ્રોગ્રામ યોજવામાં આવે છે. તો બહેનો પ્રેમથી પાંગરતાં જેજેસી પરીવારમાં આપ સૌનું સ્વાગત છે. તા.ક. : નવી મેમ્બરશીપ તા. ૨૭ નવે. ૪ થી ૬. ચીંચપોકલીવાડી, વોલ્ટાસ ઘર સામે લેવાશે. લાઈટ નાસ્તા સાથે. વધુ વિગત સંપર્ક : સ્મિતાબેન-૯૮૨૦૩૮૮૫૨૩, જસ્મીનબેન-૯૩૨૩૪૧૫૨૬૬. લિ. જેજેસી કમીટી.

4/1/1(14) -------- (A-15576)(1-5)

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

તા. ૧૭ નવેમ્બર માટે સ્વ. શ્રી વિજય જયંતીલાલ દેઢિયા (રંગુનીયા-ગોધરા) માતુશ્રી રતનબેન જયંતીલાલ ઘેલાભાઈનાં સુપુત્રની પુણ્યતિથિ નિમિત્તે એમના આઠ બહેનો તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથી કોઈપણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ 80-G બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(1) -------- **(A-15474)(1-7)**

''સોની કાનજી આણંદજી જ્વેલર્સ''
! રેખ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(6) -------- **(N-15557)(4-8)**

કચ્છમાં જતાં/આવતાં : નાસ્તો+ જમવાનું

ટ્રેન દ્વારા કચ્છમાં જતા/આવતા સૂરત, વલસાડ, ભુજ રેલ્વે સ્ટેશને આપની બોગી પાસે નાસ્તો/જમવાનું મેળવવા ફોન કરો. (ઓર્ડર '૩' કલાક અગાઉ જરૂરી) ફુડ સ્પોટ, (ઘાટકોપર) મો. 9029041919, 9833503131. (ઠાકુરભાઈ)

4/1/1(5) -------- **(B-15558)(1-5)**

લગ્નસરાની ખરીદીનો ભવ્ય ઉત્સવ
રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ - ઘાટકોપર

સગાઈથી લઈને લગ્ન સુધીનાં દરેક ખાસ પ્રસંગ માટે હીરા અને સોનાના તથા લેબગ્રોન ડાયમંડમાં આકર્ષક આભુષણોની શાનદાર વેરાયટીઓ.

● (૧) વ્યાજબી ભાવ (૨) હંમેશા તદન નવી ડીઝાઈનોનું કલેક્શન (૩) દરેક દાગીનામાં પારદર્શીતા (૪) તમારા જુના સોનાનું ૧૦૦% એક્સચેન્જ વળતર.

● 'રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ' ગાયત્રી ધામ, દેરાસર લેન-એમ.જી.રોડ જંક્શન, ઘાટકોપર (ઈસ્ટ) મો. ૮૭૬૭૮૬૩૧૩૨. તરૂણ સાવલા-રચીત સાવલા (કોડાય).

4/1/1(4) -------- **(B-15559)(1-5)**

મેજીકલ મોરીગા ગોળી ફક્ત ૨૦૦ રૂપીયામાં

એક સદ્ગૃહસ્થ તરફથી સહાય નવકાર મંત્રથી અભિમંત્રીત કરેલી ૯૦% સરગવાનાં એવન પાંદડાથી ને ૧૦% બાવળીયો ગુંદરથી બનેલી ૩૦૦ બીમારીઓને દુર કરવામાં મદદરૂપ લાભ લેવા મહેન્દ્ર છેડા-8169003504.

4/1/1(3) -------- **(B-15560)(1-5)**

શું તમે એકાઉન્ટીંગ કામકાજથી ચિંતિત છો ?

અમે આપની ઓફિસ આવીને નીચે મુજબની સેવાઓ પુરી પાડીએ છીએ.

● એકાઉન્ટીંગ ડેટા એન્ટ્રી (Accounting Data Entry)
● ઈન્ટરનલ ઓડિટ (Internal Audit)
● ટેક્સેશન (Taxation)
● Society Accounting Work & Billing. સંપર્ક : Divi Associates - 93233143325.

4/1/1(2) -------- **(B-15561)(1-5)**

શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

૨૨૬-૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર, મુંબઈ-૪૦૦૦૦૯. મો.: 9152666101

કચ્છી ભવન પાલિતાણા ભોજનાલય નિભાવફંડ તકતી યોજના

જૈનધર્મમાં તીર્થક્ષેત્રોનું એક અલગ મહિમા છે. આપણાં અનેક તીર્થંકર પરમાત્માઓ તીર્થક્ષેત્રોમાં નિર્વાણ પામ્યા છે. અને આવા આ પાવન ક્ષેત્રોની જાત્રા જૈન કુળમાં જન્મેલ દરેક વ્યકતી જીવનમાં એકવાર તો અવશ્ય કરેજ છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે તીર્થ ભૂમિની સ્પર્શનાથી અનેક પાપકર્મોના નાશ થાય છે,કર્મનો ઉદય થાય છે અને મોક્ષનો માર્ગ મળે છે. આપણા અનેક તીર્થોમાં તીર્થાધિરાજ શત્રુંજયમહાતીર્થ નું મહત્વ હંમેશાથી વિશેષ રહ્યું છે અને આવા આ મહાતીર્થ પર શ્રી કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન મુંબઈ સંચાલિત કચ્છી ભવન પાલિતાણા શુદ્ધ સાત્વિક આહાર, સાધુ-સાધ્વીજી ભગવંતોની ગોચરીની સુંદર વ્યવસ્થા ગર્વ રૂપ બની રહી છે.

કચ્છી ભવન પાલિતાણા ભોજનાલય નિભાવફંડ તકતી યોજના માટે મહાજનશ્રીએ કરેલી અપિલના પ્રતિસાદમાં શાશ્વત તીર્થમાં અપાતાં આવા શ્રેષ્ઠ દાનની મહત્વ સમાજનારા સુજ્ઞ દાતા તરફથી યોગ્ય જગ્યાએ તકતી પર નામ પ્રદર્શિત થાય એ શરતે નીચે મુજબ પ્રથમ દાતા તરફથી રૂા. ૧,૦૮,૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

પરમ પૂજ્ય સાધ્વીશ્રી જયપદ્મગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
(મોટા લાયજા) (૮/૫/૨૦૨૬)
અનશનવ્રતધારી પૂજ્ય માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ દેવજી છેડા

- રશ્મી વિજય ગડા
- જૈનમ વિજય ગડા
- હેતલ જેકીન ગાલા
- ચંદ્રીકા નિલેશ છેડા
- ભાવિકા પ્રમીત છેડા
- અંકીતા ભવ્ય ગોસર

સુજ્ઞ દાતાશ્રીની ભૂરી ભૂરી અનુમોદના ૫ પૂ. સાધુ-સાધ્વીજી ભગવાનતોને આ શુભ કાર્યમાં પ્રેરક અનુમોદના કરવા બદલ વંદન.

લાભ લેવા સંપર્ક : ટ્રસ્ટી કન્વીનર પાલિતાણા
હેમચંદ ગડા 9820300317 | સતીશ પાસડ 9820090554

ઉપપ્રમુખ સહ કન્વીનર
ભાવેશ છેડા 9820364408

લિ. શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

"Accounts" & "Tax" ના કામોની ચિંતા...
"9 Records" પર છોડો !!!

રોજિંદા Accounts Management થી નિવૃત્ત થઈ Business ના વિકાસમાં ધ્યાન આપવું છે ?

● શું Accounts અને Internal Management Control માટે કોઈ સલાહકારની જરૂર છે ?
● શું તમને Income Tax/TDS/GST Return File કરવા કોઈ અનુભવી વ્યવસ્થાપકની જરૂર છે ?
● આ બધી ચિંતાઓથી મુક્ત થવા, સંપુર્ણ Computerized Accounts Management માટે Supervision & Overview of Accounts માટે, Formation of Company LLP & ROC Filing માટે Contact Us.
● Our Speciality
● ૨૫ વર્ષથી પણ વધુ વર્ષનો બહોળો અનુભવ.
● ૩૦ થી વધુ લોકોનો કર્તવ્યનિષ્ઠ Trained Staff.
● મધ્ય મુંબઈ (દાદર) જેવા એરીયામાં ઓફિસ.
● 9 Records LLP, (Panchsheel Group) Dadar (W) Ph. 24212812, 35409583. website : www.9records.in.

4/1/1(11) -------- **(B-15565)(3-13)**

ધ પીસફુલ માઈન્ડ ઈઝ ધ બીલસફુલ લાઈફ

કસબી માઈન્ડ રીલકિસંગ પાઉડર ઘરે ૮ કુદરતી વસ્તુઓથી બનેલું જેમ કે બદામ, વરીયાળી. જેનાથી મન શાંત થશે અને સારી ઉંઘ આવશે. શરીર પુરીફાય થશે અને સ્કીન શાઈન કરશે. કાશ્મીરા ખુશાલ છેડા-લાયજા-9773984876.

4/1/1(19) -------- **(B-15584)(1-5)**

વિદેશ જતા પર્યટકો, વિદ્યાર્થીઓ, ગરમ કપડાની ખરીદી પંચશીલ દાદરથી

વિદેશ તથા હિલ સ્ટેશને ફરવા જતા પરિવારો, કારકીર્દીના ઘડતર માટે Out of India જતા વિદ્યાર્થીઓ આપના ગરમ કપડાની ખરીદી માટે આવો દાદર પંચશીલમાં. Pure Wool, Wool Markનાં લેડીઝ, જેન્ટસ, થર્મલવેર, કેપ, ગ્લોઝ, મફલર, સોક્સ, સ્વેટર, બ્લેનકેટ, વુલન શોલ વગેરે મળશે. તમારી એક મુલાકાત ૧૦૦% અમારા કાયમી ગ્રાહક બની જશો. બેસ્ટ ક્વોલીટી ગ્રાહક સંતોષ એજ અમારો ધ્યેય. ફેમીલી શોપીંગ એટલે જ 'પંચશીલ'. શ્રી બિલ્ડીંગ, રાનડે રોડ, દાદર (વે.), સ્ટે. થી બે મિનિટ. ફો. 022-40150299, 9619631151 (સોમવાર બંધ) Since 1965.

2/1/1(2) -------- **(B-15567)(4-11)**

સ્પેશીયલ ઓફર : ૦% સર્વિસ ચાર્જ

મોર્ગેજ લોન ૮.૫૦% પ્રોપર્ટી તો છે, પણ પૈસાની તંગી છે ? તો હવે પ્રોપર્ટી વેચવાની જરૂર નથી ! તમારી પ્રોપર્ટી સામે મેળવો લોન માત્ર ૮.૫૦% થી. વધુ માહીતી માટે સંપર્ક કરો : 7700007204 અંબાવી હાથીયાણી. શીતલ ગ્રુપ બોરીવલી (વેસ્ટ)

4/1/1(8) -------- **(N-15570)(1-5)**

જીવદયા અનુદાન

શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

જીવદયા અનુદાન.

● રૂા. ૪૯૯૦૦/- જૈન સમાજ આયલેન્ડ તરફથી જીવદયા અનુદાન હસ્તે : મોટી ખાખરનાં
● રીશી ઉમેશભાઈ શાહ
● કુ. અદિતી રમેશભાઈ છાડવા
● અબોલ જીવો પ્રત્યે અપાર લાગણી ધરાવતા દરીયા પાર રહીને આ જૈન સમાજ ગૌ માતાને યાદ કર્યા તે બદલ ઉપરોક્ત સંસ્થા જૈન સમાજની ખુબ ખુબ અનુમોદના કરે છે. ગૌ માતાનાં આશીર્વાદ સદૈવ જૈન સમાજ ઉપર વરસતા રહે એ જ શુભ ભાવના સહ આભાર.
● CSR & 80 G Tax Benefit Available.
● સંપર્ક : પ્રદીપ સાવલા-૯૮૨૦૧૩૯૫૪૦, ઉદય દેઢીયા-૯૭૦૨૫૪૩૫૫૫

4/1/1(1) -------- **(A-15572)(1-5)**

મહાબળેશ્વર હોટલ બુકીંગ, પેકેજ ટુર
નીતા શાંતીવીલા, સાકેત પ્લાઝા, ઈશ્વર ઈન

૨ રાત્રી તથા ૩ રાત્રીના પેકેજ ઓફ સીઝનના દરે ઉપલબ્ધ છે. ભારત બેંઝ, Ac સીટીંગ / સ્લીપર બસથી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા. સાઈટ સીન સાથે સ્વીમીંગ પુલ, પ્લે ગ્રાઉન્ડ, પાર્કિંગ, ઈન્ડોર, આઉટ ડોર્સ ગેમ સુવિધા. પ્યોર વેજ, જૈન પણ, પંજાબી, ગુજરાતી, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ, હાઈજેનીક બ્રેકફાસ્ટ, લંચ, ડિનર ઉપલબ્ધ છે. શુભ પ્રસંગો અને અન્ય કાર્યક્રમો માટે Lawn ઉપલબ્ધ છે.

● સંપર્ક : નીતા ટ્રાવેલ્સ - 8652222690, 8652222656, 8652222825.

2/1/1(10) -------- **(B-15566)(1-5)**

શિખરજી જવાનાં છો ? તો આ જરૂર વાંચો

શ્રેષ્ઠ હોટલ / ધર્મશાળામાં આરામદાયક ઉતારો લક્ઝરી બસમાં સમગ્ર યાત્રા સ્વતંત્ર રસોડે સ્વાદિષ્ટ અને નીતનવા ભોજન, અનુભવી ટુર મેનેજરનું સતત માર્ગદર્શન અને શ્રેષ્ઠ સેવા સાથે એક યાદગાર તથા આધ્યાત્મિક યાત્રાનો અનોખો અનુભવ. પારસનાથ રાજગૃહી, લચ્છવાડ, પાવાપુરી, ભાગલપુર, વારાણસી સાથે / સિવાય યાત્રા. મોટા સંઘ, મંડળ, ફેમિલી ગ્રુપ માટે અનુભવી અને ઉત્કૃષ્ટ આયોજન. સંઃ હેઝલ ટુર ખાર - બીદડા-9869559938.

4/1/1(12) -------- **(B-15562)(1-5)**

UNIVERSAL COURIER
"Since 1996"

અમે લાવીએ છીએ દુનિયાને તમારા ઘર આંગણે સરળતાથી, સુરક્ષીત અને નિશ્ચિંતપણે U.K., U.S.A., CANADA અને ૨૦૦+ થી વધારે દેશોમાં કોઈપણ જગ્યાએ પાર્સલ મોકલાવો. CALL: 9820338233 , 8108808833, 7738501508 Contact: Biren Sethia / Jigna Chheda Unbeatable Price. Unmatched Service.

4/1/1(3) -------- **(B-15564)(1-5)**

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન–મુંબઈ

૨૨૬–૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર જૈન દેરાસર, મુંબઈ–૪૦૦૦૦૯.

કચ્છી જૈન દાનવીર

શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરીની વિદાય

અરિહંત શરણ : તા. ૧૫-૧૧-૨૦૨૫ • કચ્છ : નાના ભાડીયા • મુંબઈ : પવઈ



ચંદ્રકાંતભાઈનું સમગ્ર જીવન માનવસેવા, જીવદયા, પરોપકાર અને સમાજ કલ્યાણને સમર્પિત રહ્યું હતું. માનવતા પ્રત્યેની તેમની અતુટ નિષ્ઠા અને કરૂણાભાવનું પ્રતિક હતા. તેમણે કરેલી નિઃસ્વાર્થ સેવા, જીવ માત્ર પ્રત્યેનો પ્રેમ, દાનશીલતા અને પરોપકારની ભાવના અનેક લોકો માટે હંમેશા પ્રેરણારૂપ બની રહેશે.

મહાન વ્યક્તિઓ..... ક્યારે વિદાય નથી લેતી, તેઓ પોતાનાં સત્કર્મો, સંસ્કારો અને સેવા કાર્યો દ્વારા લોકોનાં હૃદયમાં સદાય જીવંત રહે છે.

લિ. ટ્રસ્ટી, કોર કમિટી, અધિકારી અને કારોબારી સમિતિના સભ્યો

શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન

શૈક્ષણિક

સોનામાં સુગંધ ભળે જ્યારે વિદ્યાર્થીને સમર્થ શિક્ષક મળે સોનગઢ રત્નાશ્રમ

રમણિય પ્રવેશદ્વાર થી સત્કાર નાં શબ્દો પ્રાંગણમાં જ ભવ્યતા અને સુંદરતાનાં દ્રશ્યો કંઈક અનોખું ધામ હોવાનો સંકેત આપે છે. રત્નાશ્રમ સ્થાપક વિભૂતિઓની અમીવર્ષા વરસાવતી પ્રતિમાઓ અને જીનાલય નું પ્રતિબીંબ છે.આ બધાથી વાકેફ ગામ - છસરા હાલે મુલુંડ ના શ્રી મનસુખ દામજી ગાલા તરફથી એમની પૌત્રી ચિ.કિયારા અમીત ગાલા ના તા ૬.૧૧.૨૦૨૬ ના રોજ જન્મ દિવસ પ્રસંગે અને દોહિત્રી ચિ. પ્રથા ગીતેશ કરેંડે ના તા ૧૪.૧૧.૨૦૨૬ ના રોજ જન્મદિવસ પ્રસંગે સોનગઢ રત્નાશ્રમ ની વિદ્યાદાતા યોજનામાં રૂ. ૧૧૦૦૦/- નું અનુદાન આપી ખૂબજ અનુકરણીય કાર્ય છે.રત્નાશ્રમ પરિવાર તમારો આભાર વ્યક્ત કરે છે અને ફરી ફરી આપના હાથે આવા સુકૃતો થતા જ રહે એવી શુભકામનાઓ. લિ. એડ. ધીરજ રવજી સૈયા - કારોબારી સભ્ય - ગેલડા - ૯૮૨૦૦૯૪૩૩૭.

4/1/1(17) -------- **(A-15588)(1-5)**

ઉજ્જવળ કારકીર્દીની તક
ટેલી કોલર (મહીલા ઉમેદવારોને પ્રાધાન્ય)

જવાબદારીઓ :

- હાલનાં ગ્રાહકો સાથે નિયમિત સંપર્કમાં રહી મજબૂત સંબંધો જાળવવા.
- સંભવિત નવા ગ્રાહકો સાથે ફોલો-અપ કરીને તેમની પૂછપરછ અંગે યોગ્ય માર્ગદર્શન આપવું.
- ગ્રાહકોનો પ્રતિસાદ નોંધી. ટીમ સાથે સંકલન કરીને ઉત્તમ ગ્રાહક સેવા પૂરી પાડવી.
- જરૂરી લાયકાત :
- ગુજરાતી અને હિન્દી ભાષામાં સ્પષ્ટ અને અસરકારક રીતે વાતચીત કરવાની કુશળતા.
- સારી સંવાદક્ષમતા અને ફોલો-અપ કરવાની આવડત.
- કમ્પ્યુટર અને WhatsAppનો સામાન્ય ઉપયોગ કરવાની આવડત. અમે શું આપીશું ?
- સકારાત્મક અને સહયોગપૂર્ણ કાર્યકારી વાતાવરણ.
- નવી બાબતો શીખવાની અને કૌશલ્ય વિકસાવવાની તક.
- આકર્ષક પગાર અને કામગીરીના આધારે પ્રોત્સાહન.
- લાંબા ગાળાની કારકીર્દી ઘડવાની તક. સંપર્ક : જીતેશભાઈ-૯૯૮૭૧૧૩૩૭૭. લિ. નિરવ સતરા.

4/1/1(15) -------- **(B-15575)(1-5)**



WORLD માં દવા મોકલવા

વિદેશમાં રહેતા સગા વ્હાલાઓને ભારતના ફેમિલી ડોક્ટરની જ દવા અસર કરે છે USA, UK, Dubai કે અન્ય દેશોમાં Medicine મોકલવા માટે અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. Free Pick Up Service PAC n DELIVER, M–8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(13) -------- **(B-15577)(1-5)**

લેડીઝ સ્ટાફ જોઈએ છે

સલવાર કમીઝ, કુર્તી અને વેસ્ટર્ન આઉટ ફીટ માટે લેડીઝ સેલ્સમેન, લેડીઝ હેલ્પર લેડીઝ પરચેઝર, લેડીઝ મેનેજર જોઈએ છે. (બોરીવલી થી અંધેરીની પ્રથમ પસંદગી) સંપર્ક : હર્ષી શાહ : મો. 9819582874.

4/1/1(18) -------- **(B-15585)(1-5)**

(JYF) જૈન યુથ ફોરમ
સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે ફુવારા નીચે નાહવું નહીં. (અપકાય જીવની જતના કરવા)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- દરેક કચ્છી વેપારી માટે ડિજિટલ વ્યાપાર ઉત્સવ માં જોડાવા સંપર્ક કરો : 9372976665
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(7) -------- **(A-15571)(1-9)**

સંસ્થાકીય મિટીંગ

શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ

શ્રી સંઘની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૩-૧૨-૨૬ ના રોજ સવારના ૧૦ કલાકે શ્રી સંઘના ઉપાશ્રય હોલમાં રાખવામાં આવેલ છે. સર્વે મેમ્બેરોને સમયસર પધારવા વિનંતી.

- એજેન્ડા (૧) ગત મિનિટ્સનું વાંચન
- (૨) વર્ષ ૨૦૨૫-૨૬ ના ઓડિટ થયેલ વાર્ષિક અહેવાલની રજુઆત
- (૩) આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઑડિટોરીની નિમણુંક કરવી.
- (૪) શ્રી પ્રમુખ સ્થાનેથી જે રજુઆત થાય તેના ઉપર ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા.
- નોંધ : (૧) કોરમના અભાવે સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે અને સભામાં થયેલ ચર્ચા અને કાર્યવાહી બંધારણીય ગણવામાં આવશે.
- (૨) શ્રી સંઘના વર્ષ ૨૦૨૫-૨૬ ના ઓડિટ થયેલ હિસાબો રવિવાર તા. ૦૬-૧૨-૨૬ના રોજ સવારના ૯ થી ૧૧ વચ્ચે શ્રી સંઘની ઓફિસમાં જોઈ શકાશે. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(16) -------- **(A-15589)(1-5)**

કચ્છ યુવક સંઘ દ્વારા સિમાચિન્હ !!
નાટ્ય પ્રવાસ વર્ષ ૨૫ મું ! આજે કપાયા ગામમાં

કચ્છ યુવક સંઘ પચીસ વર્ષ થી કચ્છમાં સતત નાટકો ભજવી રેકોર્ડ બનાવ્યો છે. ભારતની પહેલી એવી સામાજિક સંસ્થા છે જેમના દ્વારા પોતાની માતૃભાષા માટે વર્ષો થી હાર્યા થાક્યા વગર કાર્ય થયું હોય!!

- **પ્રેક્ષકોના અનહદ પ્રેમ અને છલોછલ લાગણી માટે આભાર.**
- **પ્રોફેશનલ નાટક ને ટક્કર મારતું સુપરહિટ નાટક ''ધી કરે ધમાલ મા કરે કમાલ '' આજે રાતે કપાયા ગામ મા રાતે કપાયા જૈન સેનેટોરિયમ મા ભજવાશે.**
- **કપાયા ગામમાં નાટકના સૌજન્ય દાતાઃ હિરેન પ્રેમજી સંગોઈ, કમલેશ મગનલાલ દેઢિયા, શ્રીમતી ભારતી અશોક ગોગરી.**
- **વિશેષ સહયોગ - જયંતિભાઈ મામણીયા.**
- **નાટકના નિર્માણ દાતા : શ્રીમતી અમૃતબેન અજીતભાઈ મોતા.(મોતા ચિપ્સ, ભુજપુર)**
- **લી.ચિરાગ શાંતિલાલ સંગોઈ - નાટ્ય સંયોજક (ગુંદાલા)**

4/1/1(4) -------- **(A-15598)(1-5)**



શ્રદ્ધાંજલિ

સાચા વૈષ્ણવજન અને યુગપુરુષ શ્રી ચંદ્રકાન્તભાઇ ગોગરીની વિદાય

કેટલીક વ્યક્તિઓ સમયથી પર હોય છે. એમનું વ્યક્તિત્વ, વિચારો અને જીવનમૂલ્યો પેઢીઓ સુધી પ્રેરણા આપતા રહે છે.

સંવાદો ક્યારેય પૂરા થતા નથી

વિચારોની ઊંડાઈ અને બૌદ્ધિક સંવાદો થકી બંધાયેલો એક અનોખો નાતો. કલાકો સુધી ચાલતી ચર્ચાઓ હવે કદાચ નહીં થાય, પરંતુ એમણે પ્રજ્વલિત કરેલા વિચારો કાયમ જીવંત રહેશે.

પરેશ-જ્યોતી
ત્રિવેદી-ગૌતમ, આર્ય -નીતિ

(CLB-15610)



નિઃસ્વાર્થ સેવાના ભેખધારી, નિડર વક્તા, દીર્ઘદ્રષ્ટા, વ્યવહારકુશળ, કરકસર-સ્વચ્છતા-સાદાઈપૂર્ણ જીવનશૈલીનો સુંદર સંદેશ આપનાર

સંઘરત્ન સંઘવી શ્રી ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલાને

૯૨ મી વર્ષગાંઠે વ્હાલના વધામણાં...!!!



બાળપણથી આજ સુધી માત્ર ખાદીના જ વસ્ત્રો પરિધાન કરતા ચંદુભાઈએ કચ્છમાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ માટુંગા બોર્ડીંગમાં ૧૧માં ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. એજ અરસામાં માટુંગા બોર્ડિંગ પરામાં ખસેડવાનો પ્રસ્તાવનો તેમણે વિરોધ કર્યો અને મુરબ્બી વેલજી લખમશી નપુ બાપાએ ચંદુભાઈનું સમર્થન કર્યું અને આજેય આ બોર્ડિંગ માટુંગામાં જ કુલી ફાલી રહી છે. હોમગાર્ડની ટ્રેનીંગમાં સફળતા બદલ તે વખતના ચીફ મીનીસ્ટર શ્રી વી.પી. નાયકના હસ્તે સર્ટીફીકેટ મેળવ્યું. ભણતર સાથે ગણતર મેળવી ટ્યુશનની આવકના માત્ર ૭૫ રૂ.ના રોકાણથી ફોટો ફ્રેમીંગથી શરૂઆત કરી. નાણાં દલાલી, ફર્નિચર તેમજ બાંધકામ ક્ષેત્રે વ્યવસાયિકવિસ્તરણ કરી, શૂન્યમાંથી સર્જન કર્યું.

ઈ.સ. ૧૯૫૫ થી તેઓ સામાજીક સેવા-સમર્પણ કાર્યોમાં જોડાયા. સૌ પ્રથમ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજમાં ૧૮ વર્ષ સુધી ખજાનચી તેમજ વર્ષો સુધી પગદંડીના મુદ્રક-પ્રકાશક તરીકે સેવા આપી. આજે સંતાનોના સગપણની સમસ્યા ગંભીર છે, સન ૧૯૬૨માં સમાજમાં યુવક-યુવતીઓના સગપણની સમસ્યાના ઉકેલરૂપે આપણા સમાજના પ્રથમ નિઃશુલ્ક મેરેજ બ્યુરોની પ્રેરણા અને શરૂઆત કરી અને આ પ્રયાસથી સેંકડોય યશસ્વી સગપણ થયા. ૧૯૬૨માંજ નોકરીયાત વર્ગ અને વેપારીઓ માટે ડૉ. કલ્યાણજી રવજી ગાલા સાથે સમાજના પહેલા 'એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેંજની' શરૂઆત કરવાનો શ્રેય પણ ચંદુભાઈને જાય છે. સેવા સમાજના નેજા હેઠળ સૌ પ્રથમ સમુહ લગ્નની પ્રેરણા આપી આયોજક-કન્વીનર તરીકે સક્રિય રહી, સમાજને નવી દિશા બતાવી. સમાજ સમુહલગ્ન સાથે જોડાય તે માટે એમણે એમના ભાઈ હસમુખના લગ્ન પણ સેવા સમાજ આયોજિત સમૂહલગ્નમાં કરાવ્યા જેથી સામાન્ય વર્ગ પણ એ વિચારે કે ચંદુભાઈ પોતાના ભાઈના લગ્ન સમુહમાં કરે તો આપણે પણ કરી શકીએ.

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી મહાજનમાં સળંગ ૩૯ વર્ષ (૭ વર્ષ કારોબારી સમિતી, ૩૨ વર્ષ માનદ્ મંત્રી તેમજ થોડા વર્ષ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે) કાર્યરત રહ્યા. દેરાવાસી-સ્થાનકવાસી બન્ને મહાજનશ્રીના પદાધિકારીઓ સાથે સુમેળ સાધી. કચ્છી ખબર પત્રિકા સમિતિમાં ૭ વર્ષ સુધી શ્રી વેલજી લખમશી નપુ તથા ૩૨ વર્ષ સુધી શ્રી વેલજી દેવેન છેડા, શ્રી રવજી ખીમજી છેડા, શ્રી ઘમજી લાલજી એન્કરવાલા, શ્રી પદ્મશી શામજી શાહ અને અન્ય વિવિધ મુરબ્બીઓ સાથે ચંદુભાઈએ માનદ્ મંત્રી તરીકે ઉત્કૃષ્ટ કામગિરી નિભાવી.

શ્રી ખીમજી માડણ ભુજપુરિયા, ચંદુભાઈ તથા સમકાલીન આગેવાનોના વહીવટ હેઠળ શ્રી ક.વિ.ઓ. દેરાવાસી-ચીંચબંદર મહાજનવાડીનું નિર્માણ કાર્ય થયું. ત્યારબાદ વર્ષો સુધી ચંદુભાઈએ મહાજનવાડીનો વહીવટ સુપેરે સંભાળ્યો. શ્રી દેરાવાસી મહાજનના નેજા હેઠળ પાલીતાણા કચ્છી ભવનમાં એમની દેખરેખમાં નિર્માણ પામેલ આબુ દેલવાડા-ખજુરાહોની કલાકૃતિની ઝાંખી કરાવતું દેવવિમાન સમું દેરાસર ચંદુભાઈની કલાસુઝની ગવાહી છે.

શ્રી કલ્યાણજી ઠાકરશી એન્ડ સન્સ વિદ્યાનિકેતન-ડુમરા બોર્ડીંગ તથા ગોધરા કન્યા છાત્રાલયમાં સમાજના મુરબ્બીઓ અને સમકાલીન આગેવાનો સાથે માનદ્ મંત્રી-મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવા આપી. અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘમાં કાયમી કારોબારી સભ્ય-ઉપપ્રમુખ તરીકે કાર્યશીલ રહ્યા. વજેશ્વરીમાં વેલજી દેવન છેડા સેનેટોરિયમ, પાલાગલી આયંબીલ શાળામાં ચંદુભાઈએ માનદ્ મંત્રી તથા મેનેજીંગ ટ્રસ્ટી તરીકે અંદાજે ૫૦ વર્ષ સુધી સેવા આપી. પાલાગલી સ્કુલ, ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલય, માટુંગા બોર્ડીંગ તેમજ વિવિધ ધાર્મિક, સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓમાં તટસ્થ સેવા આપનાર ચંદુભાઈને ધબકતી સલામ.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં લાલબાગ-મુંબઈથી શિખરજી છ'રી પાલક સંઘના સંઘપતિ તરીકેનો લાભ લીધો. શિખરજી મધ્યે પૂ.આ. ભગવંત દ્વારા તેમને સંઘરત્ન સંઘવી ની પદવીથી નવાજીત કરાયા. વર્ષ ૨૦૨૨માં શ્રી ક. વિ. ઓ. દે. જૈન મહાજન-મુંબઈ તથા શ્રી ઘાટકોપર ક. જૈ. શ્વે. મૂ. સંઘ દ્વારા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના વિવિધ સ્વપ્નોને સાકાર કરવા ઉત્કૃષ્ટ કાર્યની સરાહનારૂપે ચંદુભાઈને "ગુરૂ-ગુણ સમર્પણ સન્માન"થી નવાજવામાં આવ્યા તથા શ્રી નારાણપુર જૈન મહાજન-મુંબઈ તરફથી નિઃસ્વાર્થ સેવા પ્રદાન કરવા બદલ "લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ"થી સન્માનિત કરાયા.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તેમજ શાસન પ્રભાવક પ.પૂ.સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ચંદુભાઈએ હજારો ધાર્મિકપુસ્તકો પ્રસિદ્ધ કરાવ્યા.

મહારાષ્ટ્ર સરકારે સેવાની કદરરૂપે "જે.પી." ની પદવી એનાયત કરી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમજસમગ્ર ભારતના જૈન સમાજના ચારે ફીરકાઓની સંયુક્ત સંસ્થા ભારત જૈન મહામંડળમાં ૫૨ વર્ષથી સક્રીય ચંદુભાઈ હાલમાં રાષ્ટ્રીય મંત્રી તરીકેનું પદ સંભાળે છે.

સંગીત, સુંદર હસ્તલેખન, ચિત્રકળા, સુથારીકામ, શિવણકામ, બ્યુગલ-બેંડ, જ્યોતિષ વિદ્યા વગેરેમાં પારંગત શિસ્તપ્રેમી ચંદુભાઈ બહુમુખી પ્રતિભા ધરાવે છે. સાહિત્ય-સંગીત માટે એમને ખુબ જ પ્રેમ છે. ૭૫ વર્ષની વયે કી બોર્ડ શિખ્યા. તેઓ આજે પણ દિવસની શરૂઆત ચૈત્યવંદન, કસરત, યોગાસન અને પ્રાણાયામથી કરે છે. ભોજનને ચાવી ચાવીને રસ બનાવી ખાવું, એ એમના તંદુરસ્ત જીવનનો રાઝ છે. દરરોજ વાંચન અને મનનમાં સમય વ્યતિત કરવું એમની દિનચર્યાનો ભાગ છે. એમના ઘરે વર્ષોથી યોજાતી માસિક ધબકાર કાવ્ય ગોષ્ઠી એમના ભજનથી જ શરૂથાય છે.

પ.પૂ. આચાર્ય ભગવંતો, પ.પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના મંગળ આશીર્વાદ સદાય ચંદુભાઈ પર વરસતા રહ્યા છે.

સૌ સગા-સંબંધીઓ, નારાણપુરના ગામાઈઓ, માટુંગા બોર્ડીંગના સહઅધ્યાયીઓ, ધાર્મિક, સામાજીક, રાજકીય ક્ષેત્રે સાથી કાર્યકર મહાનુભવો તેમજસુખ-દુઃખમાં સધિયારો આપનાર દરેક આપ્તજનો સાથે ચંદુભાઈ આજસુધી સ્નેહના અતૂટ તાંતણે બંધાયેલા છે. ડગલે ને પગલે પોતીકાઓ સાથે માણેલા સંસ્મરણો તેઓ વાગોળતા રહે છે.

સમાજ ઉત્કર્ષ માટે પોતાનું જીવન સમર્પિત કરનાર ચંદુભાઈ (૯૮૭૦૦ ૦૦૪૨૨)
એ સેવાની સુવાસથી પળેપળને મઘમઘતી બનાવી છે.

શ્રી ચંદુલાલ ફ્રેમવાલા
જન્મ તારીખઃ ૧૮-૧૧-૧૯૩૫

૯૨માં જન્મદિને આપને
અંતરભીની શુભકામના...

ઈશ્વર તન-મનની તંદુરસ્તી બક્ષી,
આપને શતાયુ બનાવે,
એ જ મંગલકામના...

લિ.
માતુશ્રી કુંવરબેન ગાંગજી શીવજી ગડા પરિવાર (નારાણપુર)
માતુશ્રી ગોમીબેન ગણશી દેવશી જાગાણી પરિવાર (માપર)

(CLB-15573)

UPASANA - 9820167767

તેઓ મોભી હતા...
કચ્છી સમાજના!

તેઓ યોગી હતા...
અધ્યાત્મ અને તત્વની
સમજણ સાથેના!

તેઓ ઉપયોગી હતા...
જરૂરીયાતમંદ માનવોના!

કોઈના પણ આંસુ પડે એ એમનાથી જોવાતું નહીં
અને આંસુ લૂછવા માટે પોતાનું તન-મન-ધન
હૃદય-સર્વસ્વ અર્પણ પણ કરી દેતા હતા.

એવા મોભી-યોગી અને ઉપયોગી મહાપુરુષને
અગણિત-અનરાધાર-અખૂટ
શ્રદ્ધાંજલિ!!

વર્ધમાન સંસ્કાર ધામ વતી
...સુનિલ છેડા...



શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી

(CLB-15611)

આઠમી પુણ્યતિથીએ 'બાઈ'ને
ચાદોભરી સ્મરણાંજલી...





તમારો પ્રેમાળ ચહેરો જોતા સર્વત્ર
પ્રસરે તમારા ગુણોની સુગંધ,
મન ભળી ગયા તમારી સાથે એવા અકબંધ,
કે લાગતા ગયા જન્મો-જન્મના કોઈ ઋણાનુબંધ
દરેકને આત્મીયજન બનાવી દેતા
એવા જાળવતાં દરેક સંબંધ,
અમારી સ્મૃતિમાં સદાય રહેશે
તમારી મધુર યાદોના સંભારણા....
શાંત સ્વભાવ, સાદગી, સદ્‌ભાવના અને
સમર્પણના સદ્‌ગુણોથી સજેલા
એવા અમારા 'બાઈ'ના પ્રેમાળ
આત્મા પ્રતિ ભાવભરી આદરાંજલી...

ગં.સ્વ. મણીબેન માવજી ભવાનજી શાહ (છેડા)

દેહ વિલય : તા. ૧૭/૧૧/૨૦૧૮

કચ્છ : મોટી રાયણ • મુંબઈ : બોરીવલી

'બાઈ' મુંકે સંભરેતા...
કીર્તી માવજી છેડા

'બાઈ' નો હાથ સદાય મારા માથે...
આયુષી

(CLB-15590)

KHABAR PATRIKA : 8104209392

શ્રી પૂના કચ્છી જૈન સમાજ

SPKJS નંદુ ભવન: ૬૮/૨ શિવરાઇ નગર, કાકડે વસ્તી, કોંઢવા બુદ્રક, પૂણે-૪૧૧૦૪૮.

ભાવભીની શ્રદ્ધાંજલિ



શ્રીમાન ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી

નાના ભાડિયા - પવઈ

અવસાન : રવિવાર તા.૧૫-૧૧-૨૦૨૬

સમાજના હિતચિંતક, ઉદાર દાનવીર
અને ગરીબોના આધારસ્તંભ એવા
આપની વિદાયથી સમગ્ર સમાજ શોકમગ્ન છે.
નંદુ ભવનના વલ્લભ હોસ્ટેલ માટેના ઉદાર દાનથી
તથા શિક્ષણ, મેડિકલ અને આવાસ
યોજનાઓમાં આપેલા અમૂલ્ય યોગદાનથી
આપે અનેકના જીવનમાં આશાનો દીપ
પ્રગટાવ્યો છે. આપનો સ્નેહ, સેવાભાવ અને
સમાજ પ્રત્યેની સમર્પણભાવના સદાય
અમારા હૃદયમાં જીવંત રહેશે. આપની ખોટ
કદી પૂરી નહીં થાય, પાવન સ્મૃતિઓ અમને
સદાય સેવાના માર્ગે પ્રેરણા આપતી રહેશે.

પ્રભુ તેમને મોક્ષની શરણાગતિ આપે તેવી પ્રાર્થના

ટ્રસ્ટીગણ

હસમુખ તેજશી ગાલા - ચેરમેન ટ્રસ્ટી
દિનેશ કાનજી કુરીયા - મેનેજીંગ ટ્રસ્ટી
ધીરેન પોપટલાલ નદું - જોઇન્ટ મેનેજિંગ ટ્રસ્ટી
મહેશ રતનશી ઘરોડ - પ્રમુખ ટ્રસ્ટી
પોપટલાલ હીરજી ગડા - ટ્રસ્ટી
પંકજ કલ્યાણજી દેઢિયા - ટ્રસ્ટી
વિનોદ નાગજી દેઢિયા - ટ્રસ્ટી
કલ્યાણજી ભાણજી બહુઆ - ટ્રસ્ટી

દાતા ટ્રસ્ટી

નૈનેશ મુરજીભાઈ નંદુ - દાતા ટ્રસ્ટી
રોમીલ ધીરેન નદું - દાતા ટ્રસ્ટી
વિજય જગદીશ છેડા - દાતા ટ્રસ્ટી
અનીલ ડુંગરશી ગાલા - દાતા ટ્રસ્ટી

અધિકારીગણ

તિલેશ મણીલાલ મોતા - ટ્રસ્ટ બોર્ડ સેક્રેટરી
નિલેશ કુંવરજી દેઢિયા - ઉપપ્રમુખ
જીગ્નેશ ચંપકલાલ કુરીયા - મંત્રીશ્રી
વનરાજ ડુંગરશી વિકમ - સહમંત્રી
ભરત શામજી નાગડા - સહમંત્રી
બિપીન નેમીદાસ ગોગરી - ખજાનચી
પ્રકાશ દામજી સાવલા - સહ ખજાનચી
રૂપશી પ્રેમજી ગાલા - સહ ખજાનચી

(CLB-15592)

VIRA DIGITAL - 9819 69 0022

શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ

ગામ : ભોજાય, તા.માંડવી-કચ્છ, પીન - ૩૭૦૪૫૦

ફોન : (02834) 278602, 278606, 278787, Email : bhojayhospital@yahoo.co.in, Info@bhojaysarvodaytrust.org

Website : http://www.bhojaysarvodaytrust.org/

માતુશ્રી પાનબાઈ કારૂભાઈ હૉસ્પિટલ • નવનીત વિહાર • રતનવીર આંખની હૉસ્પિટલ • તપોમૂર્તિ લક્ષ્મીમા માનસમંદિર • માતુશ્રી વીણાબેન ડાયાલીસીસ સેંટર • માતુશ્રી વેજબાઈ કીડની કેર સેન્ટર

NAVNEET Knowledge is wealth

કચ્છ કે કાશ્મીર, ઓરીસ્સા કે ઇંડોનેશીયા, બિહાર કે બંગાળ

જ્યાં જ્યાં આપત્તિ ત્યાં ત્યાં ચંદ્રકાંતભાઈ-આરતી ગ્રુપની

આફતને અવસરમાં બદલવાની કાર્યવાહી.

એમના માનવીય અભિગમને ક્યારે પણ

નાત, જાત, પ્રદેશ કે રાષ્ટ્રનાં સીમાડાઓ નથી નડયા.



શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી

નાના ભાડિયા - પવઈ

बडी मुश्कीलसे होता है चमनमें दीदावर (द्रष्टा) पैदा

ભોજાય સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ, સ્ટાફ ગણ, કાર્યકરોનાં
ચંદ્રકાંતભાઈને નતમસ્તકે વંદન

લિ.શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ

(CLB-15594)

NEEL PARI - 9322299742

:: દિવ્ય કૃપા ::



રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

:: અસીમ કૃપા ::



તપયક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

:: આજ્ઞા આશિષ ::



રાજસ્થાન દિવાકર, યુવાચાર્ય અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી [illegible] મ.સા.

॥ શ્રી શીતલનાથાય નમઃ ॥
અચલગચ્છ શણગાર શ્રી આર્ય-જય-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરૂતુંગ-જયશેખર-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નિતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરૂભ્યો નમઃ

શ્રી પંતનગર અચલગચ્છ કચ્છી જૈન સંઘ

બિલ્ડીંગ નં. ૧૩૮, સજાય-શ્રી સૂર્યોદય, એક્સેલ પ્લાઝાની સામે, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫.

ઉપાશ્રયના મુખ્ય લાભાર્થી : ગીતા સ્મૃતિ એવં લતા રાજેશ સ્મૃતિ (દેરાણી-જેઠાણી ઉપાશ્રય)
માતુશ્રી હીરાકુંવરબેન નાનજી ચાંપશી શાહ પરિવાર (ખ્યાતિનામ્ ફાઉન્ડેશન)
હસ્તેઃ ખુશ-વિહાન (મેરાઉ-ગાંધીધામ-વડોદરા-બાંદ્રા)

પરમ તારક પરમાત્મા શ્રી શિતલનાથ દાદાની છત્ર છાયામાં ચાતુર્માસ બિરાજમાન વર્તમાન અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષે નિરંજન પુણ્ય પરિવાર કુશલ યોગક્ષેમ કર્તા પ.પૂ.સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા
પ.પૂ.સા. શ્રી કીર્તનગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી તત્વાર્થગુણાશ્રીજી મ.સા. ના ચરણોમાં કોટી કોટી વંદન...

યશસ્વી તપ-જપ-જ્ઞાન-ભક્તિસભર ચાતુર્માસ પુર્ણાહુતિ પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ

પ. પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ની પુણ્યતિથિ નિમિત્તે કારતક સુદ ૧૩/૧૪/૧૫
તા. ૨૨/૨૩/૨૪-૧૧-૨૫ અક્ષમ તપ રાખવામાં આવેલ છે.
જેમને અક્ષમ તપ અથવા ચોમાસી છક્ષ કરવી હોય તેમને પૂ. મ.સા. પાસે નામ લખાવવા વિનંતી.

પ્રથમ દિવસ : કારતક સુદ ૧૧ તા. ૨૦-૧૧-૨૦૨૫, શુક્રવાર

સવારે ૯.૦૦ ક. : શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપૂજન
લાભાર્થી : પ.પુ.સા. શ્રી જયધર્માશ્રીજી મ.સા.ના પ્રેરણાથી
માતુશ્રી વસુમતી હીરબાઈ પ્રેમજી સાવલા (રાયણ)
માતુશ્રી સુશીલાબેન શામજી વેલજી પાસડ પરિવાર (કોટડા રોહા)
હસ્તેઃ શ્રીમતી રૂપલ અનીલ શામજી પાસડ
સંગીતકાર : ભાવના વિરાના સંગીતના સથવારે
પૂજન પુર્ણાહુતિ બાદ પધારેલ સર્વેની સાધર્મિક ભક્તિ

દ્વિતિય દિવસ : કારતક સુદ ૧૨ તા. ૨૧-૧૧-૨૦૨૫, શનિવાર



સવારે ૯.૦૦ ક.:
પૂજ્યશ્રી દ્વારા
"મહાવીર મોલ ગેમ શો"

તૃતિય દિવસ : કારતક સુદ 13 તા. ૨૨-૧૧-૨૦૨૫, રવિવાર



સાધ્વી મુખ્યા પ.પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા
પરમ વિદુષિ પ.પૂ.સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની
૨૬મી પુણ્યતિથિ નિમિત્તે
સવારે ૯.૦૦ ક.: ૨૪ તીર્થંકર પૂજન
સંગીતકાર : ભાવના વિરાના સંગીતના સથવારે
પૂજન પુર્ણાહુતિ બાદ પધારેલ સર્વેની સાધર્મિક ભક્તિ

ચતુર્થ દિવસ : કારતક સુદ ૧૪ તા. ૨૩-૧૧-૨૦૨૫, સોમવાર

સવારે ૬.૩૦ થી ૮.૩૦ ક.:
૧૦૦૮ પ્રભુના કલ્યાણ સ્તવ અભિષેક
વિધીકાર : શ્રીમાન કેવલભાઈ સાવલા તથા ભાવના વીરાના
સંગીતના સથવારે તેમજ ઋણ સ્વીકાર
પૂજ્યશ્રીના ચાતુર્માસ અર્થે પોતાના ભાવોની રજુઆત.
પૂજન બાદ પધારેલ સર્વેની નવકારશી રહેશે.



પાંચમો દિવસ : કારતક સુદ ૧૫ તા. ૨૪-૧૧-૨૦૨૫, મંગળવાર

સવારે ૯.૦૦ ક.: વ્યાખ્યાન,
૧૦૮ શત્રુંજય ગીરીરાજ ખમાસમણા
ભાવયાત્રા પૂર્ણ થયા બાદ
પધારેલ સર્વેને ભાતા પ્રભાવના

કારતક વદ ૧ તા. ૨૫-૧૧-૨૦૨૫, બુધવાર



માંગલીક સવારે ૭.૦૦ ક: પૂજ્યશ્રીનો ગુરૂ પૂજન તથા કામળી વહોરાવવાનું
લાભાર્થી ચડાવા લેનાર પરિવાર દ્વારા. સવારે ૭.૪૫ ક. નવકારશી.
સવારે ૮.૧૫ ક. ચાતુર્માસ પરિવર્તનની શુભ શરૂઆત લાભાર્થીના ઘરે થાશે.
સરનામું : શ્રી દિનેશભાઈ નાગડા, બી-૧૨૦૧, જેડ ગાર્ડન ટાવર બી,
શુભમ લાવીસ્ટાની સામે, પંતનગર, ઘાટકોપર (ઈ.), મુંબઈ-૪૦૦૦૭૫.
ચાતુર્માસના મુખ્ય લાભાર્થી તથા ચાતુર્માસ પરિવર્તનના લાભાર્થી પરિવાર
માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી વાલજી નાગડા
માતુશ્રી જ્યોતિબેન નવીન ભવાનજી નાગડા
હસ્તેઃ દિયા હિરલ દિનેશ નાગડા (નરેડી-ઘાટકોપર)

(CLB-15563)

પ.પૂ. ગુરૂદેવનો પ્રથમ વિહાર :

તા. ૨૮-૧૧-૨૫, શનિવાર સવારે ૫.૫૦ ક. :
સકલ શ્રીસંઘના સાથે શ્રી અસલ્ફા સંઘમાં થાશે.
નવકારશી શ્રી અસલ્ફા સંઘે રાખેલ છે. ખૂબ ખૂબ અનુમોદના.



લિ. મંત્રીઓ - દિનેશ લખમશી ગડા (ભોજાય), રાજેશ વલ્લભજી ગડા (કુમરા), જીતેન ચંદ્રકાંત ગોસર (કુમરા)

UPASANA-9820167767

॥ અજરામર ગુરૂભ્યો નમઃ ॥ ॥ જય મહાવીર ॥ ॥ શ્રી સીમંધર સ્વામીને નમઃ ॥

શ્રી મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ

શ્રીમતી મોંઘીબાઈ કાકુભાઈ સોજપાર જૈન ધર્મ સ્થાનક

૧૩૭ – એ, સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વે), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

સંઘના મોભી દાતા પરિવારના મોભીને માનાંજલી

જૈન સમાજના સર્વાંગી વિકાસના વિઝનરી વ્યક્તિત્વને આદરાંજલી



માનાંજલી

શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી

(નાના ભાડીયા – પવઈ)

અરિહંત શરણ : તા. ૧૫-૧૧-૨૦૨૫

શ્રી મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના અગ્રણી અને મોભી દાતા તરીકે આપનું યોગદાન હંમેશાં સ્મરણીય રહેશે.

શ્રી સંઘના દરેક કાર્યક્રમો, ધાર્મિક અનુષ્ઠાનો તથા સામાજિક પ્રવૃત્તિઓમાં આપનો વિશેષ સહયોગ અને ઉદાર ભાવના સતત મળતાં રહ્યાં હતાં.

આપના **માતુશ્રી સંઘમાતા સ્વ. ધનવંતીબેન ગોગરી** પણ અત્યંત ઉદારદિલ, ધર્મપ્રેમી અને દાનવીર વ્યક્તિત્વ ધરાવતાં હતાં. માતુશ્રીના સેવાભાવ, ઉદારતા અને પરોપકારના સંસ્કારોને આત્મસાત્ કરી આપે પણ તેમના પગલે પગલે ચાલીને દાન અને સેવાની આ પરંપરાને આગળ ધપાવી હતી.

સંઘના ઉપાશ્રયના નિર્માણથી લઈને તેના નૂતનીકરણ સુધીની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં આપનો વિશેષ સહયોગ અને સમર્પણ અવિસ્મરણીય રહેશે.

ધર્મપ્રેમ, દાનવીરતા અને સંઘ પ્રત્યેની અતૂટ નિષ્ઠા દ્વારા આપે સમાજ જીવનમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

માતુશ્રી પાસેથી મળેલા સેવાસંસ્કારોને જીવનમાં ચરિતાર્થ કરનાર આપનું દાન, સમર્પણ અને સેવાભાવ આવનારી પેઢીઓ માટે સદાય પ્રેરણારૂપ બની રહેશે.

આવા ધર્મનિષ્ઠ, દાનવીર અને સેવાભાવી વ્યક્તિત્વને શ્રી સંઘના સર્વે શ્રાવક-શ્રાવિકાઓની ભાવભીની શ્રદ્ધાંજલિ...

ધરતી પર અસ્તિત્વ તો બધાનું હોય છે, પણ પ્રતિભાવંત વ્યક્તિત્વ તો વિરલાઓનું જ હોય છે,

શ્રધ્ધા સુમન

શ્રી મુલુંડ સ્થાનકવાસી જૈન સંઘ – મોટા ઉપાશ્રય

શ્રી મુલુંડ વર્ધમાન કલ્યાણ કેન્દ્ર
શ્રી મુલુંડ સ્થાનકવાસી જૈન યુવક મંડળ
શ્રી અર્હમ યુવા ગ્રુપ, મુલુંડ
શ્રી દ્રૌપદી મહિલા મંડળ

શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ, મુલુંડ
શ્રી મૈત્રી મંડળ, મુલુંડ
શ્રી જૈનશાળાના બાલબાલિકાઓનો સંઘ
LOOK & LEARN, મુલુંડ

ગચ્છાધિપતિ આ.શ્રી દેવજીસ્વામી સાધુ સાધ્વી વૈયાવચ્ચ ટ્રસ્ટ મુલુંડ (ભક્તિ ધામ)

(CLB-15621)

BINITA S. MARU - 9869034162

॥ શ્રી કુંથુનાથ સ્વામીને નમો નમઃ ॥ ॥ શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમો નમઃ ॥ ॥ શ્રી મુનિસુવ્રતસ્વામીને નમો નમઃ ॥
॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતી-ગુણ-ગુણોદય-કલાબ્ધિસૂરિભ્યો નમઃ ॥

શ્રી કચ્છ બાડા જૈન મહાજન

શ્રી ચંદ્રપ્રભસ્વામી દાદા તથા શ્રી મુનિસુવ્રતસ્વામી દાદાની શીતળછાયામાં
પ.પૂ.અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તીની યોગનિષ્ઠા પ.પૂ.સા.શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા
પ.પૂ.સા.શ્રી સંઘસ્થવીરા, વર્ધમાન તપોનિધિ, વિશ્વોદયશ્રીજી મ.સા.ના શિષ્યા
પ.પૂ.સા.શ્રી ચારૂગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા
પ.પૂ.સાધ્વીશ્રી જિતગુણાશ્રીજી મ.સા., આદિ ઠાણા ૩ ની નિશ્રામાં
દિપાવલી પર્વ રૂડી રીતે સંપન્ન થયેલ છે.

કારતક સુદ ૧ (એકમ) ના દિવસે દ્વાર ઉદ્‌ઘાટન

મુખ્ય દ્વાર ઉદ્‌ઘાટનના લાભાર્થી પરિવાર
માતુશ્રી કસ્તુરબેન લાલજી સોજપાર નરપાર ગડા (પુનિત પરિવાર)

ઉગમણી દેરીના દ્વાર ખોલવાના લાભાર્થી પરિવાર
માતુશ્રી જમનાબેન કુંવરજી રામજી સાવલા પરિવાર

આથમણી દેરીના દ્વાર ખોલવાના લાભાર્થી પરિવાર
માતુશ્રી જમનાબેન કુંવરજી રામજી સાવલા પરિવાર

આગામી કાર્યક્રમો

કારતક સુદ ૧૪, રવિવાર, તા. ૨૩-૧૧-૨૦૨૬
શ્રી ચંદ્રપ્રભસ્વામી દાદાની, ઉગમણી દેરી તેમજ આથમણી દેરીના પરમાત્માની ૧૩૧મી ધ્વજાના ચડાવાના આદેશ આપવામાં આવશે.

ચાતુર્માસ પૂર્ણાહુતી નિમિતે કાર્યક્રમો
તા. ૨૨-૧૧-૨૦૨૬ ના પૂજા ભણાવવામાં આવશે.
તા. ૨૩-૧૧-૨૦૨૬ ના નિકેશ દેઢિયા (ગઢશીશા) દ્વારા અનુષ્ઠાન
તા. ૨૪-૧૧-૨૦૨૬ ના સવારે ૯.૦૦ કલાકે
સિધ્ધચક્ર તીર્થની ભાવયાત્રા સહ ૧૦૮ ખમાસમણા
શ્રી કચ્છ બાડા જૈન મહાજન તરફથી ભાતો આપવામાં આવશે.

તા. ૨૩-૧૧-૨૦૨૬ થી તા. ૨૪-૧૧-૨૦૨૬ સુધી
બંને દિવસ આખા દિવસની સાધર્મિક ભક્તિ
શ્રી કચ્છ બાડા જૈન મહાજન તરફથી

કારતક વદ ૧, બુધવાર, તા. ૨૫-૧૧-૨૦૨૬ ના વહેલી સવારે
ચાતુર્માસ પરિવર્તન + સવારના નવકારશીના લાભાર્થી :
માતુશ્રી સાકરબેન કેશવજી જેઠાભાઈ સાવલા (મિલન પરિવાર)
તરફથી (લક્ષ્મી કુંજ)

બુધવાર, તા. ૨૫-૧૧-૨૦૨૬ બપોરની તથા સાંજની સાધર્મિક ભક્તિ
શ્રીમાન મણીલાલ નાનજી હરીયાના ૮૧ માં જન્મદિવસ નિમિતે એમના પરિવાર
તરફથી રાખવામાં આવેલ છે. આભાર...

પ.પૂ.સાધ્વીશ્રી જિતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ ની નિશ્રામાં
પૌષ દશમીની આરાધના તા. ૧-૧-૨૦૨૭ થી તા. ૫-૧-૨૦૨૭ ના
પંચાન્હિકા મહોત્સવના લાભાર્થી :
માતુશ્રી ખીમઈબાઈ મુરજી ગાલા (મંગલબાપા પરિવાર) તરફથી
પાંચ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર તરફથી

સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો, ગુરૂભક્તો સહપરિવાર
ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા નિમંત્રણ...

જીવદયા ખાતામાં આવેલ અનુદાન
રૂા. ૨૧,૦૦૦/- માતુશ્રી જયવંતીબેન લક્ષ્મીચંદ મુલચંદ મોતા (નવાવાસ)
માતુશ્રી જમનાબેન કુંવરજી સાવલાની સુપુત્રી
રૂા. ૫,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ પરિવાર (બાડા)

(CLB-15613) લી. : શ્રી કચ્છ બાડા જૈન મહાજન વતી
તુષાર ખીમજી ગડા (મે. ટ્રસ્ટી), કીર્તી કેશવજી સાવલા (પ્રમુખશ્રી)
ટ્રસ્ટીગણ, અધિકારીગણ, કારોબારી સમિતિના જય જિનેન્દ્ર

BINITA S. MARU - 9869034162

શ્રી મહાવીરાય નમઃ
શ્રી કચ્છી વિસા ઓસવાળ સ્થાનકવાસી જૈન ટ્રસ્ટ, વિરાર સંચાલિત
માતુશ્રી ધનવંતીબેન વલ્લભજી ગોગરી જૈન ધર્મ સ્થાનકના
દાતા, પથદર્શક, સમાજ રત્નને આદરાંજલિ



શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી

નાના ભાડીયા-પવઈ

પોતાનું સમગ્ર જીવન સમાજના ઉત્કર્ષ અને માનવસેવાના પવિત્ર કાર્ય માટે સમર્પિત કર્યું હતું. સમાજને ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક અને સામાજિક રીતે સક્ષમ તથા આત્મનિર્ભર બનાવવા માટે તેમણે તન, મન અને ધનથી અવિરત યોગદાન આપ્યું હતું.

દાનમાં ઉદારતા, દિલમાં માનવતા, નેતૃત્વમાં દીર્ઘદૃષ્ટિ, કર્મમાં નિષ્ઠા,
સમાજના પથદર્શક, સૌના આધાર, ચંદ્રકાંતભાઈને વંદન વારંવાર !

શ્રી કચ્છી વિસા ઓસવાળ સ્થાનકવાસી જૈન ટ્રસ્ટ, વિરાર
સંચાલિત માતુશ્રી ધનવંતીબેન વલ્લભજી ગોગરી જૈન ધર્મ સ્થાનક

ચેરમેન ટ્રસ્ટી પ્રમુખ : શ્રી ગિરીશભાઈ વેલજી નિસર - લુણી
ટ્રસ્ટી ઉપપ્રમુખ : શ્રી રમણીકભાઈ લખમશી દેઢિયા - મોખા
ટ્રસ્ટી માનદ્ મંત્રી : શ્રી ભરતભાઈ પ્રેમજી ગાલા - ભુજપુર
ટ્રસ્ટી માનદ્ મંત્રી : શ્રી પરેશભાઈ પ્રેમજી ગાલા - છસરા (CLB-15599)
ટ્રસ્ટી માનદ્ મંત્રી : અ.સૌ.મનીષાબેન ગિરીશભાઈ નિસર - લુણી
કારોબારી સભ્ય : અ.સૌ.મનીષાબેન પરેશભાઈ ગાલા - છસરા

NEEL PARI - 9322299742

વડો મહાજન

કચ્છી જૈન ફાઉન્ડેશન | શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન-મુંબઈ

જાહેર સૂચના

સંસ્થાના મેન્ટર
આદરણીય શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી
દેહ પરિવર્તન નિમિતે યોજલ
પ્રાર્થના સભા અને શ્રધ્ધાંજલી સભા ના કારણે
સંસ્થા ની ઓફિસ બુધવાર તા. ૧૮-૧૧-૨૦૨૬ ના
બંધ હોવાથી કોઈપણ ટ્રસ્ટી, કાર્યકર્તાઓની સેવા
ઉપલબ્ધ નહી રહે
તેની ખાસ નોંધ લેવા વિનંતિ.

ગુરૂવાર, તા. ૧૯-૧૧-૨૦૨૬
ઓફિસ રાબેતા મુજબ ચાલુ રહેશે.
જેની સર્વે ને નોંધ લેવા વિનંતિ.

(CLB-15596)

લિ. : સમસ્ત વડો મહાજન પરિવાર

Ketan Maru 9874887387